# ભિલોડા અને શામળાજીમાં રખડતા ઢોરોથી વાહનચાલકો પરેશાન

ભિલોડા, તા.૨૦

ભિલોડા અને શામળાજીમાં ઈડર-ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો, પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે લાગતા-વળગતા ઠેર ગાયોના ટોળે-ટોળાનો અડિંગો ગાયો જમાવી બેસતી હોવાથી રાહદારીઓ, વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે. ભિલોડાના આસપાસના સીમવિસ્તારમાં રખડતી ગાયોના ટોળે-ટોળા સીમવિસ્તારમાં કેટલાય ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે. જેના કારણે ખેડૂતોની ઉંઘ હરામ





રાહદારીઓ, વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. ભિલોડા અને શામળાજીમાં જાહેર માર્ગો ઉપર રખડતી ગાયો, આખલા, બકરાં, ગધેડાં, કુતરાના ઠેર-ઠેર અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાતો રહ્યો છે.

ક્યારેક-ક્યારેક ટ્રાફીકની પણ ગંભીર સમસ્યા ટ્રાફીક પોલીસની નિષ્ક્રીયતાના કારણે સર્જાતી હોય છે. ભિલોડામાં ઠેર-ઠેર માર્ગો ઉપર બાઈક ચાલકોને ગાયો અને સાંઢ શીંગડે ચડાવતા હોવાથી નાના-મોટા અકસ્માતો પ્રમાણ વધ્યું હોવાનું લોકમુખે ચર્ચાય છે. ગાયને માતા કહેનારા હિંદુઓ ગાયમાતાને રખડતી મુકી દેતાં જીવદયા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓની પ્રબળ લોકમાંગણી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા મથકના જાહેરમાર્ગો ઉપર, શોપીંગ સેન્ટરો આગળ, રેસીડેન્ટ સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-થઈ ગઈ છે ત્યારે અમુક ખેડુતો રાત્રે ખેતરનું રખવાડું કરવા ઉજાગરો કરતા હોય છે. ભિલોડામાં છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો ત્રાસ દિન-પ્રતિ-દિન વધતો જાય છે. રખડતી ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.



**ખંભીસરથી પગપાળા યાત્રા સંઘ ડાકોર મંદિરે જવા નીકળ્યો**

મોડાસા તાલુકાના ખંભીસર ગામના ૫૦ યુવાનોનું ગ્રુપ 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે તા. ૨૧ના રોજ ખંભીસરથી ડાકોર જવા પગપાળા યાત્રા સંઘ નીકળ્યો હતો. ખંભીસરના યુવાનોના જણાવ્યા અનુસાર સતત ૧૮ વર્ષથી અવિરતપણે ખંભીસર ગામના યુવાનો બળેવી પૂનમ નિમિત્તે રણછોડરાયના દર્શન કરવા અચુક જાય છે. ૫૦ યુવાનો દ્વારા પગપાળા સંઘમાં સાધનસામગ્રી સાથે રાખીને જાતે જમવાનું બનાવે છે. આ પગપાળા યાત્રા સંઘ ખંભીસરથી નિકળી ૪ દિવસના સમય અંતરે ડાકોર પહોંચી ભગવાન રણછોડરાયના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

(તસવીર : જય અમીન)

## દશામાના જાગરણ નિમિત્તે લેકાવાડામાં ગરબા

ગાંધીનગર, તા. ૨૧

લેકાવાડા ગામે મા દશામાના મંદિરે દર વર્ષની જેમ ભવ્ય ગરબા કાર્યક્રમનું આયોજન દશામાના વ્રતના જાગરણ નિમિત્તે કરવામાં આવ્યું છે. તા. ૨૩ ઑગષ્ટના રોજ રાત્રે રાસ-ગરબા યોજવામાં આવશે એમ આયોજક નરેન્દ્રસિંહજી વાઘેલા દ્વારા જણાવવામાં આવ્યું છે તથા સૌ ભાવિકોને આ ગરબા કાર્યક્રમમાં જોડાવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આઈશર-એક્ટીવા વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરથી ઇડર જતા સ્ટેટ હાઈવે પર આવેલ ધાણધા પાસે શુક્રવારે બપોરે આઈશર અને એક્ટીવા વચ્ચે અકસ્માત થતાં વિરપુરમાં હોટલ ચલાવતા વેપારીનું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નિપજયુ હતું.

શુક્રવારે બપોરના સુમારે વિરપુર ગામે જે.કે.ફ્રાય સેન્ટરના નામે દુકાન ચલાવતા અસલમભાઈ મહમદભાઈ બેલીમ (ઉ.વ.૨૫) એક્ટીવા નં.જીજે.૯.સીપી.૦૧૧૬ લઈને હિંમતનગરથી વિરપુર જઈ રહ્યા હતા. દરમિયાન ઈડરથી હિંમતનગર આવતા આઈશર નં.૧૫ .સીકે.૧૩૫૮ નાચાલકે એક્ટીવાને સામેથી ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ગંભીર રીતે ઘવાયેલા અસલમભાઈનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. તો બીજી તરફ અકસ્માત થતાં ટેમ્પાનો ચાલક ભાગી ગયો હતો.

## રોધરામાંથી કેબલ વાયર સહીત ૯૦૦૦ની ચોરી

ખેડબ્રહ્મા, તા.૨૧

ખેડબ્રહ્મા તાલુકાના રોધરા ગામના એક ખેડૂતના ખેતરમાંથી ગેલ્વેનાઈઝ પેટી, ઈલે. બોર્ડ, ફ્યુઝ સહીતના રૂ. ૯૦૦૦ના માલ સામાનથી ચોરી થયા સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે. રોધરા ગામના રાકેશભાઈ ભીખાભાઈ પટેલના ખેતર સર્વે નંબર ૧૬૦ પૈકી ૨ના કુવા ઉપરથી તા. ૧૮ થી ૨૦ સુધીના કોઈ પણ સમયે કુવા ઉપર લગાવેલ ગેલ્વેનાઈઝ પેટી, વાયર ખોલવાનો તોડો, લાકડાનું ઈલે. બોર્ડ, ફ્યુઝ-૩, મેઈન સ્વીચ તથા વાયર મીટર-૬ મળી કુલ રૂ. ૯૦૦૦ની ચોરી થઈ હતી. ચોરીના બનાવ સંદર્ભે રાકેશભાઈની ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધ્યો છે.





**ગરબા તાલીમ વર્ગનો પ્રારંભ :** બ્રહ્મ ભવન ખાતે નવરાત્રી ઉત્સવના પગલે ગરબા તાલીમ વર્ગનો મંગલ પ્રારંભ પૂ. ફુલશંકર શાસ્ત્રીના વરદ્હસ્તે કરાયો હતો. મા આદ્ય શક્તિની ઉપાસનના મહાપર્વમાં સૌને જોડાવા માતાજી શક્તિ આપે એવી પ્રાર્થના સાથે શાસ્ત્રીજીએ તાલીમ વર્ગનો પ્રારંભ કરાવ્યો હતો.

(તસવીર : દિપક જાની)

# પ્રાંતિજ નગરપાલિકામાં પ્રમુખની નિમણુંકને લઈ ભારે અગ્નિ જેવી સ્થિતિ

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના પ્રમુખની વરણીને લઈને પ્રાંતિજના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અને રોજ રોજ સદસ્યો દ્વારા પ્રમુખને લઈને વિવિધ નામોની જાહેરાત થતાં નવા પ્રમુખ પદ કોણ સંભાળશે તે તો આવનાર દિવસમાં જ ખબર પડશે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં નવા પ્રમુખ તરીકે પાટલી દ્વારા લેવાયેલ કોન્સેશ વખતે આઠ ઉમેદવારોએ પોતાની પ્રમુખ તરીકે દાવેદારી નોંધાવી છે. જ્યારે પ્રાંતિજ નગરપાલિકાં આ વખતે સામાન્ય સીટ આવતાં આઠ ઉમેદવારોમાંથી હાલ ત્રણ ઉમેદવારો મેદાનમાં છે અને ત્રણે ઉમેદવારોના ટેકેદારો તથા સમાજના લોકો મિત્રવર્ગ પોતાના વ્યક્તિને પ્રમુખ માટેના દાવેદાર ઉમેદવારને નગરપાલિકાના પ્રમુખનો તાજ પહેરાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે હાલ ત્રણ ઉમેદવારો સીધા મેદાનમાં હોવાથી પાર્ટી પણ સંગઠન જોડે રાખીને તેમનો નિર્ણય બનાવી લીધો હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે પ્રાંતિજ નગરપાલિકાના નવા પ્રમુખને લઈ હાલ તો લારી, ગલ્લાઓ સહિત બજારમાં તથા રાત્રીના સમયે ઓટલાઓ ઉપર ચર્ચાઓએ વેગ પકડ્યો છે. પ્રાંતિજમાં નગરપાલિકાના નવા પ્રમુખને લઈ પ્રાંતિજના રાજકારણમાં ગરમાવાની સાથે ભારે અગ્નિ જેવી સ્થિતિ પેદા થઈ છે.

# કર્ણાવતી ક્લબમાં શાંતિપૂર્ણ મતદાન

અમદાવાદ,તા. ૨૧

રાજપથ ક્લબની ચુંટણી યોજાયા બાદ આજે કર્ણાવતી ક્લબની ચૂંટણી યોજાઈ હતી જેમાં ૫૦ ટકાથી વધારે મતદાન થયું હતું. મતદાન એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થતાં તંત્રને રાહત થઈ હતી. હવે પરિણામ ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સાત ડિરેક્ટરો માટે ચૂંટણી યોજાઈ છે જેમાં મેમ્બર્સ પાવર પેનલની સાતે સાત હોદ્દા પર જીત મેળવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આજે ચાલુ દિવસે મતદાન હોવા છતાં ૫૨૬૪ મત પડ્યા હતા. મેમ્બર્સ પાવર પેનલની જીતની તકો ઉજ્જવળ દેખાઈ રહી છે. આજે પણ ગેરકાયદેરીતે મંડપો બાંધીને ટ્રાફિકની સમસ્યા ઉભી કરવાના પ્રયાસો દાણી કેમ્પ તરફથી કરવામાં આવ્યા હતા. મતદાન ઓછુ થાય અને તેમની જીત નિશ્ચિત બને તે માટે ચાલુ દિવસે મતદાન રાખવામાં આવ્યું હતું પરંતુ ચાલુ હતી જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલી હતી. ચાલુ દિવસ ન રહ્યો હોત તો વધારે મતદાન થયું હોત.



દિવસ હોવા છતાં વેપારીઓ અને કારોબારીઓ ઉત્સાહપૂર્વક મતદાન કરવા પહોંચ્યા હતા. ૫૦ ટકાથી પણ વધારે મતદાન થયું હતું. મતદાનની પ્રક્રિયા સવારે ૯ વાગ્યાથી શરૂ થઈ

અત્રે ઉલ્લેખનીય છે કે, મેમ્બર્સ પાવર પેનલે આ વર્ષની શરૂઆતમાં રાજપથ ક્લબની ચૂંટણી જીતી હતી અને દાણી પેનલને હાર આપી હતી. કર્ણાવતી ક્લબની ચૂંટણીમાં પણ આવી જ સ્થિતિ સર્જાવવાના સંકેત દેખાઈ રહ્યા છે. કર્ણાવતી ક્લબની ચૂંટણીમાં પણ મેમ્બર્સ પાવર પેનલ જોરદાર ટક્કર આપવા માટે પહેલાથી જ તૈયાર હતી. મતદાનના એક દિવસ પહેલા બન્ને પેનલોના સભ્યો દ્વારા ક્લબના સભ્યો સાથે છેલ્લી ઘડીની વન ટુ વન બેઠકો યોજી હતી.

આ ઉપરાંત ડિનર બેઠકોનું આયોજન પણ છેલ્લી ઘડીએ મોડે સુધી કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, આ વર્ષની શરૂઆતમાં જ મેમ્બર્સ પાવર પેનલે રાજપથ ક્લબની ચૂંટણીમાં પરેશ દાણીના નેતૃત્વમાં પ્રેસીડન્ટ પેનલને ૨૭-૩થી હાર આપી હતી. રાજપથ ક્લબની ચુંટણીમાં દાણી પેનલની ૨૭-૩થી હાર થતાં દાણી પેનલમાં સોપો પડી ગયો હતો.

# ખેડબ્રહ્માના ગલોડીયા ગામે ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને ૩૩૨.૫૧ લાખની સહાય

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકાના ગલોડીયા ગામે પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮૫૨ લાભાર્થીઓને રૂ. ૩૩૨.૫૧ લાખની સહાય ચુકવવામાં આવી હતી.

રાજ્યની સ્વર્ણિમ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી વંચીતોને એક જ સ્થળે અને એક સમીયાળામાંથી હાથોહાથ સહાયનું વિતરણ થતાં વચેટીયા અને દલાલો નેસ્તનાબુદ થયા છે. ગલોડીયામાં યોજાયેલ પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં રાજય સરકારના મંત્રી રમણલાલ વોરાએ કહ્યું હતું. આ ગરીબ કલ્યાણ મેળાને વિપક્ષ તાયફા ગણાવે છે. આમાં વચેટીયા નાબુદ થઈ ગયા છે એટલે તાયફા કરો છો તેમ કહે છે. ખેડૂતોને ૫૦૦૦ કરોડની સબસીડી વીજળીમાં આપી છે. રક્ષાબંધનના પર્વ નિમિત્તે ૧૧૦૦૦૦ બહેનોનું રૂ. ૧૨નું વીમા પ્રિમિયમ ભાજપના કાર્યકરો ભરશે તેમ કહી આ વીમા યોજનાનો દરેકે લાભ લેવાનો આગ્રહ કર્યો છે. આ ગરીબ કલ્યાણ મેળામાં ૪૪૦ લાભાર્થીઓને રૂ. ૮૪.૭૬ લાખના કીટ્સ તથા ૨૪૧૨ લાભાર્થીઓને રૂ. ૨૪૭.૭૫ લાખના ચેક આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રમીલાબેન બારા, કલેક્ટર સ્વરૂપ પી., જિલ્લા પંચાયત પ્રમુખ શાન્તાબેન પટેલ, સચિવ ડૉ. અનીલ પટેલ, એલ.ડી. રાનાડી, તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા, ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલ, ગુલાબસિંહ વાઘેલા, સોમજીપોર-ગલોડીયા સરપંચ બિનોદભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




## કંપની સમાચાર

### કેલોગ્સ ચોકોઝ ખૂલ જાયે બચપન ઉજવણી કરે છે માતા-સંતાનના સંબંધોની

ભારતમાં બાળકો માટે અગ્રણી નાસ્તાની સિરીલ બ્રાન્ડ કેલોગ્સ ચોકોઝે અગાઉ આ વર્ષે નવી કેમ્પેઈન ખૂલ જાયે બચપન લોન્ચ કરી છે. આ કેમ્પેઈન સંતાનોને બાળપણથી જ નાજુક અને મોજીલા સંબંધોને પ્રોષવા માટે માતાઓને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત છે.

બ્રાન્ડે એપ્રિલમાં નવી કેમ્પેઈન હેઠળ ખુશી કે પલ નામે સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં સેલિબ્રિટી માતાઓ મંદિરા બેદી, તારા શર્મા અને ગૌરી પ્રધાન સાથે બ્રાન્ડ એમ્બેસેડર જુહી ચાવલા અને સ્નેહાએ તેમના સંતાનો સાથે ખુશી કે પલનું આદાનપ્રદાન કર્યું હતું અને દર્શકોને તેમના ખુશી કે પલ પર લખવા અને ઈમેજ મોકલવા માટે આમંત્રણ આપ્યું હતું. આ સ્પર્ધામાં ભરતભરમાં માતા-સંતાન જોડીને સન્માનિત કરવા માટે સ્પર્ધાની ભવ્ય પૂર્ણાહૂતિ તરીકે બે દિવસના સમારંભનું આયોજન કર્યું છે.

આ પહેલ વિશે બોલતાં અભિનેત્રી અને ચોકોઝની બ્રાન્ડ એમ્બેસેડર જુહી ચાવલા કહે છે, મને લાગે છે કે કેલોગ્સ ચોકોઝ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પહેલ અત્યંત વિચારપ્રેરક છે. કારણ કે તમારા સંતાનના ફ્રેન્ડ બનવું અત્યંત મહત્વપૂર્ણ હોય છે. હું આ વિચારને સમર્થન આપું છું. કારણ કે હું ભરોસો અને મૈત્રીના આધાર પર મારા સંતાનો વચ્ચે સંબંધો બનાવવા પ્રયાસ કરું છું. આમ, બાળકોને વૃદ્ધિ પામવા અને શિસ્તબદ્ધ રીતે સીખવાનો પણ મોકો મળે છે. મારા સંતાનોનું બાળપણ મારે માટે અમુલ્ય છે અને ખાવાનું, રમવાનું અને અન્ય સર્વે પ્રવૃત્તિઓમાં તેમની સાથે જોડાણ મજબૂત બનાવવું તે માતા તરીકે મારે માટે દુનિયાનો આ જ અર્થ છે.

### માઈકાએ માઈકેટની સિલેકશન પ્રક્રિયાનાં પ્રથમ તબક્કાની તારીખમાં ફેરફાર કર્યો

સ્ટ્રેટેજીક માર્કેટીંગ અને કોમ્યુનિકેશનમાં નેતૃત્વનાં સર્જન માટે જાણીતી ભારતની ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ માઈકાએ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં ઈન મેનેજમેન્ટ કોમ્યુનિકેશન (પીજીડીએમ-સી)ની વર્ષ ૨૦૧૬-૧૮ માટેની એડમિશન પ્રક્રિયાની જાહેરાત તા. ૧૭ ઓગષ્ટ, ૨૦૧૫નાં રોજ કરી હતી.

અગાઉ માઈકા દ્વારા માઈકેટની સિલેકશન પ્રક્રિયાના પ્રથમ ચરણની તારીખ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૫ રાખવામાં આવી હતી. ભાવિ ઉમેદવારોની વિવિધ વિનંતીઓને ધ્યાનમાં રાખીને માઈકાએ આ પરીક્ષા તા. ૧૩ ડિસેમ્બર ૨૦૧૫નાં રોજ યોજવાનું નક્કી કર્યું છે. બાકીની તારીખોમાં કોઈ ફરેફાર કરવામાં આવ્યો નથી.

આ વર્ષથી પીજીડીએમ-સી ૨૦૧૬માં ઘણાં પરિવર્તનો જોવા મળશે તેમાં સિલેકશન સાયકલ, એલિજીબીલીટી એકઝામ, એપ્ટીટયુડ ટેસ્ટ ફોર્મેટ અને ગ્રુપ એકસરસાઈઝ અને પર્સનલ ઈન્ટરવ્યુ સેન્ટર્સ વગેરેનો સમાવેશ થાય છે.

પીજીડીએમ-સી ૨૦૧૬-૧૮માં થયેલા પરીવર્તનો અનુસાર આ કોર્સની સિલેકશન પ્રક્રિયા બે વખત યોજાશે. ઉમેદવારોને કેટ ૨૦૧૫, એકસ એટ ૨૦૧૬ અને જીમેટ (૨૦૧૨થી આગળ)માંથી કોઈ પણ એક પરીક્ષા લેવાની રહેશે. માઈકેટનું કોમ્પ્યુટર આધારિત ફોર્મેટ હશે અને તેની ૧૪ શહેરોમાં પરીક્ષા યોજાશે.

### માર્કોનિસ ઈન્સ્ટિટ્યૂટ પ્રાઈવેટ લિમિટેડે અમદાવાદ ખાતે તેની કોર્પોરેટ ઓફિસ શરૂ

સંપૂર્ણ વિઝા કન્સલ્ટિંગ-ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ - પ્રોફેશનલ કોચિંગ

માર્કોનિસ ઈન્સ્ટિટ્યૂટ પ્રાઈવેટ લિમિટેડે રવિવારે અમદાવાદમાં તેની કોર્પોરેટ ઓફિસ શરૂ કરવાની જાહેરાત કરી હતી. કર્મ કોર્પોરેટ હાઉસ, વિક્રમ નગર (ઈસરો કોલોની)ની સામે, ન્યૂયોર્ક ટિમ્બરની પાછળ, આંબલી-બોપલ રોડ, ઈસ્કોન સર્કલ, ઓફ સીજી હાઈવે ખાતે આવેલી આ નવી કોર્પોરેટ ઓફિસ ખાતે આધુનિક તમામ સુવિધાઓથી સજ્જ ક્લાસરૂમ, સેમિનાર અને કોન્ફરન્સ હોલ પણ છે અને આ વિશાળ કેમ્પસ સંપૂર્ણ એર કન્ડિશન્ડ છે, જેથી લાંબા સમય સુધી અભ્યાસ કરવાની અને ઈન્ટરેક્ટિવ પાર્ટિસિપેશનની સાનુકૂળતા રહે.

તમામ ક્લાસરૂમ અને સેમિનાર હોલ આધુનિક ઓડિયો-વીડિયો માધ્યમોથી સજ્જ છે. આ કોર્પોરેટ ઓફિસ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્લાયન્ટ્સને વધુ સારી રીતે તેની સવલતો પૂરી પાડી શકશે. આ નવી કોર્પોરેટ ઓફિસ પાંચ માળમાં કુલ ૨૪,૦૦૦ ચોરસ ફૂટ ફ્લોર એરિયામાં પથરાયેલી છે.

માર્કોનિસ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના ૧૯૯૧માં કરવામાં આવી હતી અને આજે તે દેશમાં સૌથી સફળ વિઝા કન્સલ્ટિંગ કંપની તરીકે પ્રસ્થાપિત થઈ છે. કંપનીની હેડ ઓફિસ વડોદરામાં છે અને કોર્પોરેટ ઓફિસ અમદાવાદ (ઈસ્કોન સર્કલ) ખાતે છે. અમદાવાદ ઉપરાંત સુરત, વલ્લભવિદ્યાનગર, નવસારી, ભરૂચ જેવા ગુજરાતના અનેક શહેરોમાં પોતાની બ્રાન્ચ સાથે કંપનીનું ખાસ્સું નેટવર્ક છે. આ ઉપરાંત અમેરિકામાં પણ તેની બ્રાન્ચ આવેલી છે.

### રજાઓ રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે અમદાવાદ શહેર પોલીસતંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાના સઘન પગલા ભરવામાં આવી રહ્યા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહારેલીના પગલે અમદાવાદ શહેર પોલીસ કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. અને પી.આઈ. કક્ષાના અધિકારીઓને પોલીસ સ્ટેશનો ન છોડવા માટેના આદેશો આપવામાં આવ્યા છે.

રેલી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કોઈ અસામાજીક તત્વો રેલીમાં ઘુસી ન જાય તે માટે ભાંગફોડીયા તત્વો પર વોચ ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર શહેરમાં સઘન ચેકીંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. અમદાવાદ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે પાટીદાર મસાજ દ્વારા યોજાનાર રેલી અંગે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગ્રાઉન્ડ ખાતે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માટે પોલીસ અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત લઈને સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે.

### પાર્કીંગ વ્યવસ્થા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિરદર્દ ઉભો થયો હતો. જેના અંતે કોર્ટના ગેટનં-૨ પાસે પાર્કીંગ વ્યવસ્થાને અનુલક્ષીને ફેન્સીંગ કરી દેવામાં આવી છે. જેમાં કોર્ટના ગેટ પાસે વાહન પાર્ક કરવા મનાઈ ફરમાવી દેવામાં આવી છે. જયારે ગેટની બન્ને બાજુએ ફેન્સીંગ કરી ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર માટે અલાયદી પાર્કીંગ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જયારે પાર્કીંગની નવી વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હોમગાર્ડના બે જવાનોને જવાબદારી સોંપવામાં આવી છે.

### વોલમાં ગાબડુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો જોવા મળી રહયા છે. વનતંત્રની ટીમ ગોકુળ ગતિએ કામ કરતા વૃક્ષો હટાવવાનુ કામ હજુ પણ પૂર્ણ થઈ શકયુ નથી. જયારે સેકટર-૬ માં વૃક્ષો હટાવવાની કામગીરી દરમિયાન જ નવી સમસ્યા ઉદભવી છે. સે-૬ ની પ્રાથમિક શાળામાં ધરાશાયી થયેલા વૃક્ષો દુર કરવા મોડે મોડે કામે લાગેલા તંત્રએ તોતિંગ વૃક્ષોના થડીયા હટાવવા બુલડોઝર ફેરવ્યુ હતુ. આ દરમિયાન શાળાના કમ્પાઉન્ડ વોલમાં ગાબડુ પડતા શાળા માટે નવી સમસ્યા સર્જાઈ છે. શાળાની કમ્પાઉન્ડ વોલમાં ગાબડુ પડતા સલામતીનો પ્રશ્ન પણ ઉભો થયો છે.

### ગુલમોર (ચોથાપાનાનું ચાલું...)

તેને વેચી કાઢતા હોઈએ છીએ. તેની સાથે વળગી રહેતા નથી. આ જ બાબત તારી શરતોવાળા લગ્ન માટે પણ કરી શકાય. દુઃખ સાથે કહેવું પડે છે કે જે એસેટમાં ઘસારો વધુ હોય તેને બિઝનેસમેન રાખવાના બદલે વેચી દેવાનું કે લિઝ ઉપર આપી દેવાનું પસંદ કરે છે. જેની વાર્ષિક આવક ૧૦૦ કરોડ હોય તે મુર્ખ ન હોય. એવી વ્યક્તિ તારી સાથે માત્ર ડેટિંગ કરે, પરણે નહીં. મારી તને એક જ સલાહ છે કે ધનવાન યુવાનને પરણવા માટેની ટિપ્સ મેળવવાનું બંધ કર અને તું પોતે વાર્ષિક ૧૦૦ કરોડ કમાણી મળે એવી ક્ષમતા પ્રાપ્ત કર. ધનવાન મુર્ખ શોધવાના બદલે તું જાતે એટલું કમાતી થાય એ રસ્તો વધારે બહેતર છે.

**સ્ટોપર :**

પ્રેમમાં ગિવ એન્ડ ટેક જેવી લેવડદેવડ કે સોદાબાજી ન હોય. વેપાર કે સોદાબાજી હોય, ત્યાં પ્રેમ ટકી શકે નહીં.


**જાહેર નિવિદા**

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ડી.વી.ડી. (કવર સાથે) ખરીદવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય હિસાબી અધિકારી, માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી તા. ૧૦/૯/૨૦૧૫ સુધીમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન રૂ. ૫૦૦/- રોકડા ચૂકવ્યેથી મળી શકશે.

માહિતી/૧૨૩૨/૨૦૧૫-૧૬ માહિતી કમિશનર